અપીલ અરજી નં.૮૮ તા.૭–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મોહંમદ યાકુબ શેખ જાફર
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહંમદ યાકુબ શેખ જાફરની તા.૧૬–૪–૧૦ ની અરજીથી ગણેશ સોસાયટી (ફૈઝૈદાના સોસાયટી) ના રૂમ નં.૧૨ માં થઈ રહેલા ગેર કાયદેસર બાંધકામ સબંધ ભરવામાં આવેલ પગલા અને બાંધકામ તોડી પાડવા અંગેની કામગીરીબાબતે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૬–૧૦ ની **SMC/FAP/** નં.૮૮/૨૦૧૦–૧૧

શ્રી મોહંમદ યાકુબ શેખ જાફરની તા.૧૬–૪–૧૦ ની અરજીથી ગણેશ સોસાયટી (ફૈઝૈદાના સોસાયટી) ના રૂમ નં.૧૨ માં થઈ રહેલા ગેર કાયદેસર બાંધકામ સબંધ ભરવામાં આવેલ પગલા અને બાંધકામ તોડી પાડવા અંગેની કામગીરી બાબતે માહિતી આપવા બાબતે માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ/૨૫૪ તા.૧૭–૫–૧૦ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે અરજી બાબતે અરજદારે તા.૨૭–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેનું ડુપ્લીકેશન થયેલ છે

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૫ તા.૧૪–૬–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૨૬ તા.૨૨–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ અરજદારને આપેલી માહિતી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૫૪ તા.૧૭–૫–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દષ્ટ બાબતે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે અંગે અરજદનરે તા.૨૭–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ. જેનો અપીલ અરજી નં.૬૯ તા.૨૭–૫–૧૦ થી હુકમ કરેલ છે. જે બાબતે અરજદારે તે જ વિગતે પુનઃ અપીલ કરેલ છે. જે વિગતે અપીલના સંદર્ભે માહિતી મંગાવવા ફોર્મ'જ' મોકલવામાં આવેલ. પરંતુ તેની વિગતો અરજદારે પૂરી પાડેલ નહીં પરંતુ જાહેર માહિતી અધિકારીએ મોકલેલી વિગતોની ચકાસણી કરતાં અરજદારની અપીલ નં.૬૯ થી સદર બાબતે હુકમ કરવામાં આવેલ હોય અપીલ બાબતે ડુપ્લીકેશન થયેલ હોય આ બાબતે બીજો હુકમ કરવાનો રહેતો નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૬–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે અપીલ નં.એસએમસી/એફએપી/ ૬૯/ ૧૦–૧૧ તા.૨૭–૫–૧૦ થી કરેલ હુકમ કરવામાં આવેલ હોય આ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશનર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહંમદ યાકુબ શેખ જાફર